| | | | |
|---|---|---|---|
| અરજી દાખલ થયા તા. | ૧૬–૦૭–૨૦૨૬ | | |
| અરજી રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૬–૦૭–૨૦૨૬ | | |
| અરજી ફેંસલ કર્યા તા. | ૨૦–૦૭–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | – | – | ૦૪ |

**સુરેન્દ્રનગરના મે.ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.સુરેન્દ્રનગર**

| | |
|---|---|
| **ફોજદારી પરચુરણ અરજી નં.૮૨૨/૨૦૨૬** | |
| **આંક:** | **૦૮** |

**અરજદાર** :(૧) **સુરેશભાઈ જેરામભાઈ સિંઘવ**
ઉ.વ.આ.૩૪, ધંધો: મજુરી
રહે.ધોળી, મેઈન બજાર, તા.ધ્રાંગધ્રા,જી.સુરેન્દ્રનગર.
(૨) **ભીખાભાઈ દલાભાઈ સિંઘવ**
ઉ.વ.આ.૫૯, ધંધો: મજુરી
રહે.ધોળી, પ્રાથમીક શાળાની બાજુમાં
તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર
**હાલ: સુરેન્દ્રનગર સબ જેલ**

**વિરૂધ્ધ**

**સામાવાળા** : **શ્રી સરકાર**

-------------------------------------

**વિષય::–** **બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

-------------------------------------

| | |
|---|---|
| અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી | એલ.એમ.ઝાલા |
| સામાવાળાશ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી | એમ.પી.સભાણી |

-------------------------------------

**–:: ઠ રા વ ::–**

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૧.૧)** આ કામમાં જે એફ.આઈ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

'' તે એવી રીતે કે આ કામે મરણજનાર રમેશભાઈ મોહનભાઈ પારઘી ઉપર આશરે ૩૪ વર્ષ રહે દાણાવાડા તા મુળી વાળાને આ કામેના આરોપીઓએ ફરીયાદીના ભાઇને છેલ્લા એકાદ વર્ષથી હનીટ્રેપમાં ફસાવી તેનો વિડીયો ઉતારી ફરીયાદીના ભાઈ મરણજનારને બ્લેકમેલ કરી તેની પાસેથી બળજબરીથી રૂ.૧૦,૦૦,૦ 00/ભુંડીગાળો તથા જાનથી મારી નાખવાની ધમકીઓ આપી અને અવાર નવાર દાણાવાડા ગામે તથા ધોળી ગામે તથા ધાગંધ્રા મુકામે આવી ફરીયાદીનાં ભાઈ મરણજનારને શારીરીક માનસીક ત્રાસ આપી તેમજ આરોપી દેવજીભાઈ કાળાભાઈ ઝાલા રહે.રામપરા વાળાને ફરીયાદીનાં ભાઈ મરણજનારએ ખાતરનાં રૂપીયા આપેલ હોય તથા આરોપી જેરામભાઈ દલપતભાઈ સીંધવને રૂપીયા આપેલ હોય તે રૂપીયાની ઉધારણી ફરીયાદીનાં ભાઈ મરણજનાર કરતો હોય પણ આ લોકો ફરીયાદીનાં ભાઈ મરણજનારને રૂપીયા પરત ન આપતા હોય અને ભુંડી ગાળો આપી માર મારતા હોય તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી શારીરીક માનસીક ત્રાસ આપતા હોય જે ત્રાસ ફરીયાદીનાં ભાઈ મરણજનારથી સહન ન થતા આ કામે મરણજનારે પોતાનું જીવન ટુકાવેલ હોય આમ આ કામેનાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા બાબત.

**૧.૨)** ઉપરોકત હકીકત બાબતે જોરાવરનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૧૧૦૨૫૨૬૦૩૬૩/૨૬ થી બી.એન.એસ.કલમ-૧૦૮, ૩૦૮(૫)(૬), ૩૫૧(૩), ૩૫૨, ૧૧૫(૨), ૫૪ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે અને તે ગુનામાં અરજદારની રેગ્યુલર જામીન અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબની કરવામાં આવેલ છે.

**(૨) જામીન અરજીની હકીકત :**

અરજદારો આરોપી તરફે જામીન અરજીમાં નીચે મુજબના કારણો જણાવેલ છે.

**૨.૧)** અરજદારો બીલકુલ નિર્દોષ છે. કહેવાતા ગુનામાં તપાસ દરમ્યાન ત.ક.અ.શ્રીએ ખોટી રીતે સંડોવી દીધેલ છે.

**૨.૨)** આ કામે અરજદારોએ ગુજરનાર વિરૂધ્ધ તે અમો અરજદારોના ગામમાં આવીને ઉપદ્રવ્ કરતો હોય અને ગાળો બોલતો હોય તેની અરી ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે તા. ૧૫/૪/૨૦૨૬ ના રોજ આપેલ હતી. ત્યાર બાદ પણ અન્ય એક અરજી તા. ૧/૫/૨૦૨૬ ના રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુજરનાર વિરૂધ્ધ આપેલ છે. આ કામના ગુજરનાર દાણાવાડા મુકામે એકલા રહેતા હતા અને તેઓના છુટાછેડા થઈ ગયેલ છે અને તેઓના બન્ને સગીર બાળકો પણ તેઓના બહેનના સાથે રહે છે. આ ગુજરજનાર રમેશભાઈ તેઓના ગામથી અમો અરજદાર અને અન્યો ના ગામ ધોળી અને રામપરા કે જે બન્ને ગામ ધ્રાંગધ્રા તાલુકામાં આવેલ છે ત્યાં આવતા હતા અને ઝગડો કરતા હતા. તેમ છતાં ગુજરનાર અમો વિરૂધ્ધ ખોટી અરજીઓ મુળી, ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન તથા ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનમાં અલગ અલગ તારીખે કરેલ છે. તે એક પણ અરજીમાં ગુજરનારે અમો આરોપીઓ વિરૂધ્ધ હાલની ફરિયાદમાં કરેલ 'હની ટ્રેપ' ના કે ૧૦,૦૦,૦૦૦/– રૂપિયા લઈ જવાના કોઈ આક્ષેપ કરેલ નથી. તદ ઉપરાંત આ કામે ગુજરનારે તા. ૨૧/૫/૨૦૨૬ ના રોજ પોલીસ સમક્ષ નિવેદન આપેલ છે કે તેઓને અમો આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. આ બાબતનો સમાધાનનો રીપોર્ટ પણ પોલીસે કરી આપેલ છે.

**૨.૩)** ગુજરનારના ઉપરોકત પોલીસ અરજીના તમામ કેસ ફાઈલે તા.૨૧/૫/૨૦૨૬ ના રોજ સુધીમાં થઈ ગયેલ છે અને ત્યાર બાદ ગુજરનાર તા. ૨૬/૫/૨૦૨૬ ના રોજથી લાપતા હતા અને તેઓએ

આપઘાત કરેલ હોવાની મરણ ચીઠી અને વિડીયો તેઓના ભાણેજના ફોનમાં મોકલી આપેલ હતો. આ સમયગાળા દરમ્યાન ગુજરનારને અમો અરજદારો કે અન્ય આરોપીઓ સાથે પ્રત્યક્ષ રીતે મળેલ હોય કે કોઈ વાતચિત, ઝઘડો કે તકરાર થયેલ હોય તેવુ બનેલ નથી. આમ, ગુજરનારના મૃત્યુ સબંધે અમો અરજદારોએ એબટમેન્ટ કરેલ હોય તેવો પ્રથમદર્શનીય રીતે ફરિયાદમાં કોઈ આક્ષેપ નથી. આથી, અમો અરજદારોને જામીન પર મુકત કરવા અરજ છે.

૨.૪) આ કામે ગુજરનારની ડેડ બોડી મળી આવ્યાના એક માસ બાદ ગુજરનારના બહેને હાલની ફરિયાદ કરેલ છે. આ કામના ફરિયાદીએ કાયદાકિય સલાહ સુચન મુજબ સગા વ્હાલાઓની ચઢામણીથી આપવામા આવેલ છે.

૨.૫) અમો અરજદારો ગુજરનારના મામા અને મોસાળ પક્ષના સગા છીએ. અમો અરજદારોએ કોઈ ગુન્હો કરેલ ન હોય પરંતુ આ કામના ગુજરનાર અને ફરિયાદી દવારા અમો સાથે રાગદ્ધેષ કે અન્ય કોઈ મનઃદુખના કારણે અમો અરજદારોનુ નામ હાલની આક્ષેપીત ખોટી ફરિયાદમાં આપવામાં આવેલ છે.

૨.૬) આ કામમાં અમો અરજદારો બનાવ સમયે કે સ્થળે હાજર ન હોય જેથી કોઈ રિકવરી–ડિસ્કવરી નો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. જેથી અમો અરજદારો દવારા કોઈ પુરાવાને ટેમ્પરીંગ કે હેપરીંગ થાય તેવો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને સદરહુ કેસને ચાલતા ઘણો લાંબો સમય લાગે તેમ છે. આ કામે અમોનું કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન થઈ ગયેલ છે. આથી, અમોને રેગ્યુલર જામીન પર મુકત કરવા અરજ છે.

૨.૭) અમો અરજદારો વર્ષો થી અરજીમાં દર્શાવેલ મુકામે રહીએ છીએ. અમો અરજદારોના ધરની સાર સંભાળ માટે અમારી હાજરીની અત્યંત આવશ્યકતા હોય જેથી અમો અરજદારને આગોતરા જામીન પર મુક્ત કરવા મુજબનો કેસ હોય જેથી અમો અરજદારોને જામીન ઉપર મુકત કરવા અરજ છે.

**૨.૮)** અમો અરજદારોને જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે તો ત.ક.અ.શ્રી ને તપાસના કામે અમો અરજદારો તપાસના કામે પુરતો સાથ સહકાર આપીશુ અને નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ ચુસ્ત પ્રમાણે પાલન કરવાની ખાત્રી આપીએ છીએ તેમજ નામ.કોર્ટ ફરમાવે તેવા અને તેટલી રકમના સધ્ધર જામીન તથા જાત મુચરકા આપવા અમો તૈયાર છીએ.

**(૩) ત.ક.અમલદારનું સોગંદનામુ ::–** તપાસ કરનાર અમલદારે આંક– **૬** થી સોગંદનામુ રજુ કરેલ છે મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે,

૩.૧) **આ કામેના અરજદાર/આરોપીઓ ના પ્રથમથી એફ.આઈ.આરમાં છે.** અને ગુન્હો દાખલ થયા બાદ નાસતા ફરતા હોય અને પ્રોસીક્યુશન સમયે નામદાર કોર્ટમા હાજર રહેશે નહી અને કોર્ટનો કીમતી સમય બગાડશે તેવી પુરેપુરી શક્યતા હોય જેથી અરજદાર/આરોપીઓને જામીન નહી આપવા વિનંતી છે.

૩.૨) વધુમાં, આ કામે અરજદાર/આરોપીઓ ને જામીન મુકત કરવામા આવશે તો અરજદાર આરોપીને કાયદાનો ડર નહી રહે.અને અરજદાર /આરોપી ફરીયાદી તથા સાહેદોને ધમકાવી લાલચ આપી ફોસલાવી ખોટુ પ્રલોભન આપી. આ કામે મળેલ પુરાવાને ચોક્કસ પણે નુકશાન પહોંચાડે તેવો સંભવ રહેલ હોય જેથી અરજદાર/આરોપીઓને જામીન નહી આપવા વિનંતી છે.

૩.૩) વધુમાં, આ કામના અરજદાર/આરોપી અટક કરવાના બાકી આરોપી સાથે સંપર્કમા હોય જામીન પર મુક્ત કરવામાં આવે સદરહુ અટક કરવાના બાકી આરોપી ઓને નાસી ભાગી જવામા મદદ કરે તેવી શક્યતા નકારી શકાય નહી. જેથી અરજદાર/આરોપીઓને જામીન નહી આપવા વિનંતી છે.

૩.૪) વધુમાં**, આ કામે મરણજનારનો મોબાઇલ ફોન મળી આવેલ હોય જેમા મરણજનારની સુસાઇડ નોટ તથા સુસાઇડને લગત વીડીયો હોય તેમા મરણજનારે આ કામના આરોપી/અરજદારના ત્રાસના**

**કારણે પોતાનુ જીવન ટુકાવેલ હોવાનું જણાવેલ હોય** જેથી આવા ગંભીર પ્રકારના ગુન્હામાં આ કામના અરજદાર/ આરોપીને જામીન નહી આપવા વિનંતી છે.

૩.૫) વધુમાં, આ કામે મરણજનારે અગાઉ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં આ કામના અરજદાર/આરોપી વીરુધ્ધમાં બી પાર્ટ અરજી નં. ૩૪૯/૨૦૨૬ તા.૧૬/૦૫/૨૦૨૬ મુજબની ધમકી આપી હેરાન કરવા બાબતેની અરજી આપેલ હતી.જેથી આ કામના અરજદાર /આરોપીનો અગાઉથી જ ત્રાસ હોવાનુ ફલીત થતુ હોય જેથી આ કામના અરજદાર/આરોપીને જામીન નહી આપવા વિનંતી છે.

૩.૬) વધુમાં,આ કામના અરજદાર આરોપીઓએ ખુબજ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. અને અરજદાર/આરોપી ને જામીન મુકત કરવામાં આવશે તો અન્ય માણસો પણ આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ કરશે અને ગેર માર્ગે દોરાશે તેવી શક્યતા હોય જેથી આ કામના અરજદાર/આરોપીને જામીન નહી આપવા વિનંતી છે.

૩.૭) વધુમાં, આ કામના આરોપીઓને જામીન આપવામાં આવશે તો કેશને નુકશાન પહોચાડે તેમ હોય અરજદાર આરોપીઓ જામીન મુકત થયેથી આ કામના સાહેદો/ફરીયાદી સાથે ઝગડો કરે તે નકારી શકાય નહિ.અને અરજદાર આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ હોય જેથી અરજદાર/આરોપીને જામીન મુક્ત નહી કરવા વિનંતી છે.

## (૪) અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીની દલીલ::–

૪.૧) અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોનું મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

## (૫) વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલો::–

૫.૧) વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે આરોપીનુ એફ.આઈ.આર.માં પ્રથમથી જ નામ છે. આ કામે મરણજનારનો

મોબાઈલ ફોન મળી આવેલ હોય જેમા મરણજનારની સુસાઈડ નોટ તથા સુસાઈડને લગત વિડીયો હોય તેમાં મરણજનારએ આ કામના આરોપીના ત્રાસના કારણે પોતાનુ જીવન ટુંકાવેલ હોવાનુ જણાવેલ હોય જેથી અરજદાર આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો આરોપી ફરીયાદ પક્ષના કેસના સાહેદોને ધાક–ધમકી આપે તેમજ પુરાવા સાથે ચેડા કરે તેવી સંભાવના છે. જેથી અરજદારની અરજી નામંજૂર કરવી જોઈએ.

**(૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો ::–**

**૧.** અદાલતે કોઈપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપી સામેના ગુના અંગેની સજાની જોગવાઈ, આરોપીનો પૂર્વ ગુનાકીય ઈતિહાસ, આરોપી ટ્રાયલ સમયે હાજર રહેશે કે કેમ? આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર પડનારી અસર અને તેની સાથે સાથે આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાને લક્ષમા રાખી જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**૨.** આ કામમાં જોરાવરનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૨૫૨૬૦૩૬૩/૨૬ થી બી.એન.એસ.કલમ–૧૦૮, ૩૦૮(૫)(૬), ૩૫૧(૩), ૩૫૨, ૧૧૫(૨), ૫૪મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે.

**૩.** સબબ કામે અરજી, તપાસના કામે રેકર્ડ વંચાણે લીધુ. ઉભયપક્ષોની રજુઆત સાંભળી. આ કામે ત.ક.અમલદારનું એફીડેવીટ વંચાણે લેતાં, **આ કામના હાલના અરજદાર/આરોપીઓનુ ફરીયાદમા**

**પહેલેથી જ નામ છે.** વધુમાં, આ તબકકે હાલની તપાસના કામે ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તથા સદર ગુનામાં આરોપીનો રોલ જોતા, વધુમાં આ કામે ગુજરનારનાઓએ લખેલ સુસાઈડ નોટ જોતાં, આ તબકકે આરોપીઓને રેગ્યુલર જામીન આપવાનું ન્યાયોચિત જણાતુ આવતુ નથી. વધુમાં, સદર કામે ગુનાની તપાસ પ્રાથમીક તબકકે ચાલુ છે.

**૪.** આમ, ઉપરોકત કેસની હકિકત, સંજોગો, કાયદાકીય જોગવાઈ અને એપેકસ કોર્ટે ચુકાદામાં ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

- અરજદાર/આરોપી **(૧) સુરેશભાઈ જેરામભાઈ સિંઘવ (૨)ભીખાભાઈ દલાભાઈ સિંઘવ** નાઓની જામીન અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ–૨૦ માહે : જુલાઈ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર
તા.૨૦–૦૭–૨૦૨૬.

જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
સુરેન્દ્રનગર.(કોડ નં.જીજે ૦૦૯૬૦)